# મર્જર અને એકવીઝીનના ક્ષેત્રે ભારત દેશની સકારાત્મક ગતિ






**રાઠોડ સિધ્ધાર્થસિંહ જી**

એસ.વાય.બી.બી.એ
બી.પી.કોલેજ ઓફ બીઝનેશ
એડમીનીશટ્રેશન, ગાંધીનગર

ભારતીય કંપનીઓ જોં સક્રિય હોય એવી મર્જર અને એક્વિઝિશનની ગતિવિધીનું મુલ્ય પાછલા નાણાકીય વર્ષમાં ૨૨.૯ અબજ ડોલરને સ્પર્શયુ હતુ અને ડીલ - મેકીંગ ક્ષેત્રે આવનારા મહિનાઓમાં સકારાત્મક પ્રવાહ જોવા મળે એવી સંભાવના છે એવું કન્સલ્ટન્સી ફર્મ ઈવાયે જણાવ્યું હતું.

સ્થિર સરકાર તથા સૌદાહાથ ધરવા માટે વધુ પારદર્શક માહોલ પુરો પાડનારા નવા કંપની કાયદાના લીધે પણ એમ એન્ડ એ ની ગતિવિધી પર સકારાત્મક અસર પડે એવું અનુમાન છે. એવુ ઈવાયે એક અહેવાલમાં જણાવ્યું હતું. આ અહેવાલમાં જણાવ્યા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ભારતના મર્જર અને એક્વિઝેશનના માર્કેટમાં થયેલા સોદાન કુલ ઘોષિત મુલ્ય ૨૨.૯ અબજ ડોલરનું હતું. આ રકમ પાછલા નાણાકીય વર્ષ દરમિયાન નોંધાયેલ ૨૦.૧ અબજ ડોલરની તુલના ૧૨ ટકા વધારે છે. નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ મર્જર એન્ડ એક્વિઝેશનના વ્યવહારોની સંખ્યા ૯૭૪ રહી હતી જે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં જોવા મળેલા ૮૪૩ સોદાની તુલના એ ૨૦ ટકા વધુ છે. એવુ આ અહેવાલમાં જણાવાયું હતું.

આ ગાળામાં ૨૯૩ ક્રોસ બોર્ડર સોદા થયા હતા જેની કુલ ઘોષિત ડીલ વેલ્યુ ૧૭.૮ અબજ ડોલરની હતી ''ભારતમાં એમ એન્ડ એના સોદા પર સ્થિર સરકાર, સ્થાનિક તથા વૈશ્વિક કંપનીઓના આત્મવિશ્વાસમાં વૃદ્ધિની સકારાત્મક અસર પડે એવી સંભાવના છે. આવનારા વર્ષમાં દેશની એમ એન્ડ એની ગતિવિધિ માટે આ એક મોટુ પ્રોત્સાહક બળ બની રહેશે એવું અહેવાલમાં ઉમેરવામાં આવ્યું હતું વધુમાં નવો કંપની કાયદો એમ એન્ડ એ નો સોદા હાથ ધરવા માટે વધુ સરળ અને વધુ પારદર્શક માહોલ પુરો પાડે છે. પાછલુ નાણાકીય વર્ષ વૈશ્વિક સ્તરે કારોબારના માહોલ માટે પ્રોત્સાહનજનક રહ્યું હતું. ઈવાયના અમિત ખંડવાલે જણાવ્યું હતું કે, ભારતના એ એન્ડ એના બજારમાં પણ સમાન સેન્ટિમેન્ટ જોવા મળ્યું હતું.

બીએસઈ બોકર્સ માટે રિટેલ ગ્રાહકોને આકર્ષણ માટે ટુંક સમયમાં નવી પ્રોત્સાહન યોજના રજુ કરાશે બીએસઈ ઈક્વીટી કે રિવેટિઝ માટે દૈનિક ઈન્સેન્ટિવ આપશે આ સ્કીમ બ્રોકરો દ્વારા કામકાજ ઉપર મળતા પે આઉટથી અલગ છે. બીએસઈ દ્વારા દિવસ દરમિયાન ઓપન ઈન્ટરેસ્ટ વોલ્યુમ ને આ સ્કીમ સાથે જોડાશે અને તેના આધારે બ્રોકર્સને ઈન્સેન્ટિવ ચુકવવામાં આવશે.

અગાઉ ડેઈલી ઈન્સિન્ટિવ સ્કીમો અમલ ૮ સપ્ટેમ્બરથી કરાઈ જે હવે ૨૯ સપ્ટેમ્બરથી કરાશે તેને બીએસઈ એ જણાવ્યું હતું. આ સ્કીમ અંતર્ગત બીએસઈ બ્રોકર્સને તેનો એક લાખના દૈનિક પુર્તીમાંથી પ્રતિ મહિનાના એસ એન્ડ પી બીએસઈ સેન્સેક્સ ફ્યુચર એન્ડ ઓવરેશન કોન્ટક્ટ પર તેમજ ચાલુ મહિનાના સ્ટોક ફ્યુચર કોન્ટક્ટ પર લાગુ પડશે.